## વડગામ તાલુકાના ખેડૂતો અને ગ્રામજનોની પાણી મુદ્દે મહા રેલી : કરમાવદ સરોવરમાં નર્મદાના નીર વ્હાવવાની માંગ



વડગામ તાલુકાના ખેડૂત સહિતના ગ્રામજનોએ આજે મહારેલી યોજી જળ મુદ્દે મહાલડતના મંડાણ શરૂ કર્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી બેઠકો અને સંવાદોને અંતે આજે પાણી માટે એકતાના દર્શન કરાવ્યા છે. કરમાવદ તળાવને ભરવા આજે જંગી રેલીનું આયોજન થયું છે. જેમાં રેલી પાલનપુર આદર્શ હાઈસ્કુલના મેદાનથી નિકળીને કલેક્ટર કચેરી પહોંચી છે. આઝાદીને વર્ષો વીત્યાં છતાં પાણી માટે વડગામ અને પાલનપુર તાલુકાના ૧૨૫ ગામોના લોકોને આજે રસ્તા પર ઉતરવું પડ્યું છે. રેલીમાં જોડાવા માટે મહિનાઓથી તૈયારીઓ ચાલતી હતી. પાછલા ૩૫ દિવસથી દરરોજ રાત્રી સભાઓ થઈ હતી. ૩૫ દિવસ પહેલા આયોજનપૂર્વક આંદોલન ચલાવી શકાય તે માટે પાલનપુર,વડગામ તાલુકાના ૧૦ તજજ્ઞોની સમિતિ બનાવવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં આજે પાણી માટેની લડત જોવા મળી છે. ફતેપુર સહિતના ગ્રામજનોએ પાણી માટે મહારેલી યોજી જે. રેલી દરમ્યાન કાયદો વ્યવસ્થા જાળવવા ૧૫૦ પોલીસ કર્મચારીઓ ફાળવવામાં આવ્યા છે. જેમાં ૨ પીઆઈ, ૫ પીએસઆઈ સહિત ટ્રાફિક પોલીસની ટીમ ઉતારવામાં આવી છે. ટ્રેક્ટર સહિતના વાહનો માટે મેદાનમાં પાર્કિંગ કરાવવામાં આવ્યું હતુ.સૂત્રોએ જણાવ્યું હતું કે, કરમાવદ તળાવ ૯૮ હેક્ટર જમીનમાં પથરાયેલું છે. ઉત્તરથી દક્ષિણ તરફ પાણીનું વહેણ જાય છે, જો આ તળાવ ભરાય તો વડગામ તાલુકામાં પાણીના તળ જે ૮૦૦ ફુટથી હજાર ફૂટ નીચે ગયા છે તે ઉંચા આવી શકે છે. હાલમાં કેટલાક ગામોમાં સવાસો ફૂટે કાળો પથ્થર આવી જાય છે જેથી સિંચાઈનું પાણી પણ મળતું નથી. જાણકારોના મતે સમજીએ તો, નર્મદા મુખ્ય નહેરમાંથી સિધ્ધપુર તાલુકાના ડીડરોલ ગામથી પાઈપલાઈન મારફતે મુક્તેશ્વર ડેમ સુધી પાણી લાવી, ત્યાંથી કરમાવદ તળાવમાં ઠાલવી શકાય છે.

## મખદૂમ હાઈસ્કૂલના શિક્ષક પર બાલાસિનોરના શખ્શે તલવારના ઘા ઝીંક્યા, અગાઉ થયેલ પોલીસ ફરિયાદ અંગે કર્યો હુમલો



મોડાસા શહેરના કસ્બા વિસ્તારમાં હુસેની મસ્જિદ સામે રહેતા અને મખદૂમ હાઈસ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષક પર બાલાસિનોરના અને હાલ મોડાસા શહેરમાં રહેતા શખ્સે તલવાર વડે ઘાતકી હુમલો કરતા ભારે ચકચાર મચી હતી શિક્ષકના હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા કસ્બા વિસ્તારમાં તલવાર વડે હુમલો થતા ભારે અફડાતફડી મચી હતી હુમલાની ઘટનાને પગલે ટાઉન પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હુમલાખોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસાની મખદૂમ હાઈસ્કૂલમાં ફરજ બજાવતા અબ્દુલ સત્તાર ખલિફા બુધવારે સાંજના સુમારે તેમના ઘરે હતા ત્યારે બાલાસિનોરના અને હાલ મોડાસા રહેતા અસ્પાક મોહમ્મદ શેખ નામનો શખ્સ તલવાર સાથે ધસી જઈ અગાઉ થયેલ પોલીસ કેસમાં તું અમારું કામ કેમ કરતો નથી કહી ઝગડો કરી જનુની બનેલા અસ્પાકે શિક્ષક પર તલવાર વડે હુમલો કરતા હાથ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી તલવાર વડે હુમલો થતા આજુબાજુથી લોકો દોડી આવતા અસ્પાક શેખ ફરાર થઈ ગયો હતો શિક્ષકના હાથના બે કટકા થતા સહેજ માટે રહી ગયા હતા શિક્ષકના પરિવારજનોએ તાબડતોડ શિક્ષકને દવાખાને ખસેડાતા પ્રાથમિક સારવાર આપી અમદાવાદ સારવાર અર્થે ખસેડી દીધો હતો. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં હુમલાનો ભોગ બનેલ શિક્ષકના ભાઈ મોં.સલીમ અબ્દુલ મજીદ ખલિફાએ અસ્પાક મોહમ્મદ શેખ (હાલ,રહે મોડાસા. મૂળ,રહે બાલાસિનોર) સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો

## પ્રાંતિજ-હિંમતનગરમાં ITના દરોડા મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરાયુ




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-હિંમતનગર ખાતે વહેલી સવારે IT ના દરોડા એશિયન સિરામીકસ ગુપ અને ખાનગી ફાયનાન્સ પેઢીમા ઈક્રમટેક્ષ ના દરોડા પડયા ઈક્રમટેક્સ વિભાગ દ્વારા વહેલી સવારે પ્રાંતિજ-હિંમતનગર-અમદાવાદ ખાતે આવેલ એશિયન સિરામીકસ ફેકટરી, ઓફિસ, શોરૂમ ઉપર સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ જેમા પ્રાંતિજ ના કાટવાડ ખાતે આવેલ એશિયન સિરામીકસ ફેકટરી તથા દલપુર પાસે આવેલ એશિયન નો શોરૂમ તથા હિંમતનગર મહાકાલી મંદિર રોડ ઉપર આવેલ એશિયન પરિવાર બંગ્લોઝ ના મુખ્ય ગેટ પર વહેલી સવારથીજ એસ.આર.પી જવાનો ના બંદોબસ્ત સાથે અંદર રહેલા તમામ બંગલા ઓમા ઈક્રમટેક્સ અધિકારીઓ અને કર્મચારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ તો સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ કે અમદાવાદ ખાતે આવેલ મુખ્ય ઓફિસ મા પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતુ ત્યારે તપાસ ના પગલે સ્થાનિક સિરામીક ઝોન અને ફાયનાન્સ પેઢીઓમા ફફડાટ વ્યાપી ગયો હતો જેને લઈ ને કેટલીક ફાયનાન્સ પેઢીઓએ સવારે ઓફિસો ખોલવાનુ ટાળ્યુ હતુ અને મોડી ખોલી હતી

## બનાસકાંઠાના પોલીસ વડા આઈ.પી.એસ અક્ષય રાજ મકવાણાનું નિસ્વાર્થ સેવા સંગઠન કોરોના વોરિયર્સ મેગેઝીનમાં સમાવેશ



બનાસકાંઠા જિલ્લા ના એસ.પી શ્રી અક્ષર રાજ મકવાણા કોરોના દરમિયાન વેબ એપ્લિકેશન બનાવી ર્પ્ક્ષ્ફ્ઙ્ની ઉપર સર્ચ કરવાથી અલગ-અલગ સેવાઓ અગાઉ પાટણ એસ.પી તરીકે પાટણ જિલ્લા સહિત બીજા પણ જિલ્લાઓના લોકો સુધી વેબ એપ્લિકેશન પહોંચતી કરી અને તે તે થકી લોકોને ઘણી મદદ મળી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, અલગ-અલગ રીતે બનાસકાંઠા એસપી અક્ષય રાજ મકવાણા અને વહીવટી તંત્ર પાટણ ની સેવાકીય પ્રવૃતિઓ અનેક થઈ છે. કોરોના દરમિયાન વેબ એપ્લિકેશન બનાવી વેબ ફોર્મ અલગ-અલગ પ્રકારના તૈયાર કરવામાં આવ્યા. ઓક્સિજન બોટલ માટે હોસ્પિટલના બેડ માટે વેન્ટિલેટર માટે ઓક્સિજન બેડ માટે રેમડેવસીવર ઈન્જેક્શન માટે અનેક એવી પ્રવૃત્તિઓ કરી ઘણા એવા પરિવારો આજે સુરક્ષિત છે. ત્યારે નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા અંગ્રેજી ભાષામાં બનતી કોરોના વોરિયર્સ મેગેઝીન માં બનાસકાંઠા એસપી અક્ષય રાજ મકવાણા ને નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ નીતીનભાઈ ઠાકોર દ્વારા સન્માન પત્ર આપી કોરોના વોરિયર્સ મેગેઝિનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ રેલ્વે અંડર બ્રીજ ના વચ્ચે ના બીમ સાથે કંપચી ભરેલ ટ્રક ધુસી જતા ટ્રક નો આગળનો ભાગ કુચડો થઈ ગયો હતો તો ડ્રાયવર કંડક્ટરનો આબાદ બચાવ....

# જિલ્લામાં સ્ટેટ સિંચાઈ વિભાગમાં પાછલા ૮ મહિના દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટની તપાસ જરૂરી

### એક અધિકારી પાસે બે-ત્રણ મલાઈદાર ચાર્જ

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સ્ટેટ સિંચાઈ વિભાગમાં પાછલા આઠ મહિના દરમ્યાન કરોડો રૂપિયાની ફાળવણી થયા પછી ભ્રષ્ટ અધિકારી અને કોન્ટ્રાક્ટરોએ મોટાપાયે ભાગબટાઈ કર્યાની ફરીયાદ સામે આવી છે. જિલ્લાના સિંચાઈના કામોમાં અનહદ ભ્રષ્ટ્રાચાર એક જ અધિકારી પાસે બે થી ત્રણ મલાઈદાર ચાર્જ હોવાની લેખિત જાણકારી સી.એમ.ઓ. કાર્યાલયને મોકલવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સ્ટેટ સિંચાઈ વિભાગ હસ્તકની કચેરીઓમાં થયેલા કામોમાં કેટલાંક ભ્રષ્ટ અધિકારીઓએ પોતાના મળતિયા કોન્ટ્રાક્ટરોને ગોઠવી દઈને વ્યાપક ભ્રષ્ટ્રાચાર આદર્યો છે. તળિયાથી ટોચ સુધી સેટીંગ કરી ગ્રાન્ટો ઓળવી લીધાની લોકચર્ચા છે. ગાંધીનગરમાં રહેતા અને જિલ્લામાં મલાઈદાર ચાર્જ સંભાળતા અધિકારીએ તમામ મોરચે દાટ વાળ્યાની ગરમાગરમ ચર્ચા છે. સરકાર દ્વારા મામૂલી ગ્રાન્ટ ફાળવેલી હોય ને ફરીયાદ થાય તો વીજીલંસ તપાસના આદેશ આપવામાં આવે છે. જ્યારે જિલ્લા સ્ટેટ સિંચાઈ વિભાગમાં પાછલા એક વર્ષ દરમ્યાન કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર આદરાયો છે અને જરૂરી ટેન્ડર શરતો મુજબ કામ થયું છે કે કેમ ? તેની તપાસ કરવાની તસદી લીધા વગર આવેલી ગ્રાન્ટનાં ચુકવણાં થયાના ચણભણાટ સાંભળવા મળી રહ્યા છે. સાબરકાંઠા સ્ટેટ સિંચાઈ વિભાગમાં ભ્રષ્ટ્રાચાર મામલે મુખ્યમંત્રી કાર્યાલયથી સીધી તપાસના આદેશ કરવામાં આવે તો અનેક અધિકારીઓ ઘરભેગાં થવાની સાથે કોન્ટ્રાક્ટરો સાથેની વર્ષો પુરાણી સાંઠગાંઠનો પર્દાફાસ થઈ શકે છે. કેટલાંક ભ્રષ્ટ અધિકારીઓ કોંગ્રેસના આગેવાનોના ફોલ્ડરીયા બનેલા કોન્ટ્રાક્ટરોના હિમાયતી બન્યાના પણ આક્ષેપ છે.

#### રૂ.૫૫૭ લાખની ગ્રાન્ટ ફાળવણીની તપાસ થાય

ગત નવેમ્બર મહિનામાં સરકાર દ્વારા જિલ્લા સ્ટેટ સિંચાઈ વિભાગના ચાર ડિવિઝનમાં રૂ.૫૫૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી તે તમામ ગ્રાન્ટોની ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તો મોટું ગ્રાન્ટ પ્રકાશમાં આવે તેવી લોકચર્ચાએ સિંચાઈ વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. મળેલ જાણકારી અનુસાર ગ્રાન્ટ ફાળવણીમાં ન્યાયિક તપાસ જરૂરી છે.

| વિગત | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૪૭-૧૧ | રૂ. ૫૫૭ લાખ |
| ૪૭-૧૫ | રૂ. ૧૫ લાખ |
| ૪૭-૦૧-૪૦ | રૂ. ૨ લાખ |
| ૪૭-૧-૭૦ | રૂ. ૯૧ લાખ |
| ૪૭-૧-૭૩ | રૂ. ૨૦૦ લાખ |
| ૪૭-૦૧ | રૂ. ૭૯ લાખ |
| ૪૭-૦૨-૦૦ | રૂ. ૧૦ લાખ |
| ૪૭-૦-૧૩૧ | રૂ. ૩ લાખ |
| ૪૭-૦-૦૦ | રૂ. ૪૪ લાખ |
| ૪૭-૧૧ | રૂ. ૬૪.૫૨ લાખ |

### કુંવારા કોર્પોરેશન ખોલવું પડે તેવી સ્થિતિ..!!

## સમાજ માટે લાલબત્તી : ઉત્તર ગુજરાતમાં ૧૦૦૦ યુવકે ૩૫૦ કુંવારા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

ઉત્તર ગુજરાતમાં સ્ત્રી જન્મદરની અસમાનતા અનેક જ્ઞાતિઓમાં ઉભી થયા પછી કુંવારાઓને પરણાવવા માટે બહારથી કન્યાઓ લાવવી પડે છે ત્યારે ખાસ કરીને પટેલ જ્ઞાતિમાં કન્યાઓની અછતથી ૧૦૦૦ યુવકે ૩૫૦ યુવાનો કુંવારા જ રહેતા હોવાની વિગતો બહાર આવી છે. જ્યારે પટેલ યુવકોએ આજીવન કુંવારા રહેવા કરતાં આદિવાસી કન્યાઓ સાથે લગ્નની શરૂઆત કરી હતી પરંતુ હવે આદિવાસી સમાજે પણ જાગૃત થઈ અન્ય જ્ઞાતિમાં યુવતી પરણાવવા બદલ આકરા દંડની જોગવાઈ કરતાં ઉત્તર ગુજરાતના પટેલ યુવકોએ આજીવન કુંવારા રહેવું પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

બેટી વધાવો, બેટી બચાવોના બુલંદ નારા સાથે દિકરીઓને ગર્ભમાં જ મારી નાખવાની હીન પ્રવૃત્તિ સામે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ઉત્તર ગુજરાતમાં કેટલીક જ્ઞાતિઓમાં ગર્ભપાતથી દિકરીઓને અવતરતાં અટકાવી દેવાઈ હોવાથી સ્ત્રી જન્મ દર ઘટવા સાથે યુવાકોને કન્યા મેળવવામાં પણ ફાંફાં પડી રહ્યાં છે. ઉત્તર ગુજરાતના પટેલ પરિવારોમાં સ્ત્રી જન્મ દર પુરૂષ જન્મદરની સરખામણીએ નીચો ગયો હોવાથી પટેલ યુવકોને પરણવું હોય તો બહારથી કન્યાઓ લાવવી પડે છે. ઉત્તર ગુજરાતમાં માત્ર પટેલ જ્ઞાતિમાં જ ૧૦૦૦ યુવકે ૩૫૦ યુવાનો કન્યાઓના અભાવે કુંવારા રહેતા હોવાની બાબત સમાજ માટે લાલબત્તી સમાન બની રહી છે. અગાઉ યુવાનો પરણવા લાયક થયા હોવા છતાં સમાજમાંથી કન્યા મળતી ન હોવાથી આદિવાસી કન્યાઓ સાથે યુવકોને પરણાવી ઘરસંસાર આગળ વધારાતો હતો પરંતુ મોટા પ્રમાણમાં પટેલ યુવકો આદિવાસી કન્યાઓ સાથે પરણી જતાં એક તબક્કે આદિવાસી યુવાનોએ જ કુંવાર રહેવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી હતી જેથી ડુંગરી ગરાશીયા આદિવાસી સમાજના આગેવાનોએ અન્ય જ્ઞાતિમાં આદિવાસી યુવતીને પરણાવવા સામે ભારે વિરોધ વ્યક્ત કરી જો કોઈપણ પરિવાર અન્ય જ્ઞાતિમાં દિકરી પરણાવે તો સમાજના રીતરીવાજો મુજબ દંડ કરવાનું ફરમાન કરતાં હવે કોઈપણ આદિવાસી પરિવાર પોતાની દિકરીને અન્ય જ્ઞાતિમાં પરણાવવા માટે તૈયાર ન હોવાથી ઉત્તર ગુજરાતમાં પટેલ યુવકોએ આજીવન કુંવારા રહેવું પડે તે દિવસો શરૂ થયા છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ વિસ્તારમાં પટેલોની સંખ્યા ગણી મોટી છે પરંતુ સ્ત્રી જન્મ દર અસંતુલિત થતાં યુવાનોને પરણવાની ઉંમર વીતી ગઈ હોવા છતાં કન્યાઓ મળતી ન હોવાની બાબત ચિંતા જનક બની રહી છે અને દર ૧૦૦૦ યુવકે ૩૫૦ યુવાનો કુંવારા રહી જતા હોય છે.

# હિંમતનગર-મોડાસા આર.ટી.ઓ. કચેરીમાં સ્માર્ટ કાર્ડના અભાવે લાયસન્સની કામગીરી અદ્ધરતાલ

### ૩ મહિનાથી લાયસન્સની મુદત પૂરી થવા છતાં નવાં લાયસન્સ ઈસ્યુ થતાં નથી : ગમખ્વાર અકસ્માત સર્જાય અને લાયસન્સની મુદત પૂરી થઈ હોય તો જવાબદારી કોની..??

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

રાજ્યમાં સ્માર્ટ કાર્ડના અભાવે લાયસન્સની કામગીરી ખોરંભે પડતાં આર.ટી.ઓ. કચેરીમાં સંઘર્ષના દ્રશ્યો કાયમી બન્યાં છે. હિંમતનગર અને મોડાસા આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ૩ મહિનાથી લાયસન્સ કાઢવાની કામગીરી ઠપ્પ થઈ જતાં ગમખ્વાર અકસ્માત સર્જાય અને લાયસન્સની મુદત પૂરી થઈ હોય તો જવાબદારી કોની..?? તેવા સવાલ પૂછાઈ રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર દ્વારા અનેક વિભાગોમાં પેપરલેસ કામગીરી કરવાનો સંપૂર્ણ અમલ થઈ રહ્યો છે પરંતુ આર.ટી.ઓ. કચેરીમાં તો જરુરી એવા દસ્તાવેજો માટે ઉપલબ્ધ સામગ્રી ન હોવાની ગંભીર વિગતો પ્રકાશમાં આવી છે. અગાઉ ડટ્ટા લાયસન્સ ચોપડી વાહન ચાલકોને આપવામાં આવતી હતી તે પૈકીના મોટાભાગના વાહન ચાલકો સમય બદલાતાં ડીઝીટલ કાર્ડ ધરાવતું લાયસન્સ મેળવ્યું અને અન્ય લાયસન્સ ધારકોની મુદતા માર્ચમાં પૂરી થયા પછી જરૂરી દસ્તાવેજો સાથે સાબરકાંઠા અને અરવલ્લીને અનુક્રમે હિંમતનગર અને મોડાસા આર.ટી.. કચેરીમાં નવા લાયસન્સ માટે આવેદન મોકલી આપ્યા પરંતુ સમયસર ફી ભર્યા પછી પણ સ્માર્ટકાર્ડ લાયસન્સ નસીબ થયું નથી. તાજેતરમાં જ નવું લાયસન્સ કાઢવા માટે આવેદન આપનાર એક વાહન ચાલકને ગંભીર અકસ્માત નડચો ત્યારે લાયસન્સ મુદે દુવિધા ઉભી થઈ હતી. કેટલાક કિસ્સાઓમાં ચાલક મૃત્યુ પામે ત્યારે લાયસન્સ ન હોવાના કારણે વિમા કલેઈમ મેળવવામાં પણ મુશ્કેલી ઉભી થાય તેવી વિકટ સ્થિતિ ઉભી થઈ છે. ત્યારે રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા રાજ્ય સહિત જિલ્લામાં ઉભી થયેલા લાયસન્સ કાર્ડના સાહિત્યની અછતને સત્વરે દૂર કરી કામગીરીને વધુ સરળ બનાવે તેવી લાયસન્સ ધારકોએ માંગ કરી છે.

#### સાબરકાંઠા-અરવલ્લીમાં ૯૦૦૦ લાયસન્સ પેન્ડીંગ બાયડ

આધારભૂત સુત્રોએ આપેલી વિગત અનુસાર વર્ષના આરંભથી સ્માર્ટકાર્ડની અછતના કારણે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૯૦૦૦ થી વધુ વાહન ચાલકોના લાયસન્સ ઈસ્યુ થયા નથી. વહિવટીતંત્રમાં ખાટલે ખોડ જેવી સ્થિતિ સામે આવી છે.

### અબ ઉંટ આયા પહાડ કે નીચે...

# ધનસુરાની દેવીપૂજક વર્ગ પ્રા.શાળાના બાળકો માટે બેસવાની વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ

### મહિલા જિલ્લા પંચાયત સદસ્યની રજૂઆત રંગ લાવી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

ધનસુરા તાલુકાના અંતરીયાળ જાલમપુરા પાસેના દેવીપૂજક વર્ગ પ્રા.શાળાને મનસ્વી રીતે બંધ કરાતાં તેના ઉગ્ર પ્રત્યાઘાત પડવા હતા. મહિલા જિલ્લા પંચાયત સદસ્યએ આ અંગે રાજ્ય સરકારમાં લખિત રજૂઆત પછી તંત્ર માટે અબ ઉંટ આયા પહાડ કે નીચે..જેવી સ્થિતિ થઈ છે અને શાળાના બાળકોને અન્ય જગ્યાએ ભણવા જવું હોય તો રસ્તાની સુવિધા નથી તેવો લેખિત સ્વીકાર કર્યા પછી દેવીપૂજક વર્ગ પ્રા.શાળાના બાળકો માટે બેસવાની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરાયાનું જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિના કેટલાક અધિકારીઓ દ્વારા મનમાની રીતે શાળા અને ગામની ભૌગોલિક સ્થિતિનો વિચાર કર્યા વગર ગત વર્ષે તાલુકાના જાલમપુરા નજીક આવેલ ૨૯ બાળકો ધરાવતી દેવીપૂજક વર્ગ શાળા બંધ કરવાનો નિર્ણય કરી શાળાના બાળકોને નજીકની જાલમપુરા પ્રા.શાળામાં પ્રવેશ આપવા તઘલખી આદેશ કરતાં સમસમી ગયેલા જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી તેમજ પરસોત્તમભાઈ એલ. પટેલ દ્વારા ઉગ્ર રોષ ઠાલવવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત સદસ્યએ આ અંગે સરકારમાં પણ લેખિત રજૂઆત કરી ગરીબ બાળકોના ભણતરને છીનવી લેવાના પ્રયાસ સામે સખ્ત નારાજગી વ્યક્ત કર્યા પછી ઉચ્ચ કક્ષાએથી તપાસ માટે વિભાગના અધિકારી પહચ્યાં હતા અને અસુવિધાયુક્ત વિસ્તારમાં ચાલતી શાળાનો ચિતાર મેળવી ચોકી ઉઠી હતા, મનસ્વી રીતે શાળા બંધ કરવાનો નિર્ણય હોવાનું તેઓએ પણ એંબિક રીતે સ્વીકાર્યા પછી અહેવાલ રાજ્યના પ્રા.શિક્ષણ નિયામકને સોંપવામાં આવ્યો હતો. જ્યારે સંપૂર્ણ તપાસ પછી દેવીપૂજક વિસ્તારથી જાલમપુરા જવા માટે વાહન વ્યવહાર માટે રસ્તો સત્વરે બનાવવો જરુરી હોવાનું જણાવ્યું હતું. જેથી દેવીપૂજક વર્ગ પ્રા.શાળા બંધ કરવાનો નિર્ણય હાલ પૂરતો મુલત્વી રાખી વૈકલ્પિક વ્યવસ્થા ગામમાં જ ઉભી કર્યાનું જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ-અરવલ્લી દ્વારા જણાવવામાં આવ્યું છે, જ્યારે સંયુક્ત શિક્ષણ નિયામક અને પ્રાથમિક શિક્ષણ નિયામકને પણ આ અંગેની વિગતવાર જાણ કરવામાં આવી છે. માત્ર વર્ગ પ્રા.શાળા ચાલુ રાખવાથી સંતોષ માન્યા વગર મનસ્વી રીતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના કયા અધિકારીએ કોના ઈશારે આગોતરી સૂચના આપ્યા વગર વર્ગ બંધ કરવાનો નિર્ણય કર્યો..?? તેની ન્યાયિક તપાસ કરી કસૂરવાર અધિકારી સામે યોગ્ય પગલાં ભરવાની સ્થાનિક ગ્રામજનોએ માંગ કરી છે.

#### ૪ વર્ષથી ખુલ્લામાં અભ્યાસ કરતા બાળકોને મકાન ક્યારે નસીબ થશે..??

ધનસુરા તાલુકાની દેવીપૂજક વર્ગ શાળાના ૨૯ બાળકો શિયાળો, ઉનાળા, ચોમાસા દરમ્યાન કાચા છાપરામાં બેસી ખુલ્લામાં અભ્યાસ કરી રહ્યા છે. સરકાર દ્વારા સરકારી પ્રા.શાળાઓના આધુનિકરણ માટે દર વર્ષે કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે દેવીપૂજક વર્ગ પ્રા.શાળામાં બાળકોને સુવિધાયુક્ત મકાન ક્યારે નસીબ થશે..?? તેવા સવાલ થઈ રહ્યા છે.

## ચર્ચા આ વિષય ઉપર પણ જાહેરમાં થવી જોઈએ

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૬

આજકાલ ટીવી મીડિયા ઉપર જોર શોરથી બિનસાંપ્રદાયિકતા અને ખાસ કરીને મસ્જિદ- મંદિર વિવાદની ડિબેટ થઈ રહી છે...'કોંગ્રેસ સહિતના વિપક્ષના દરેક પક્ષ મુસ્લિમોના વકીલની ભૂમિકા નિભાવતા જોવા મળી રહ્યા છે...' આવા તમામ વકીલો અને મીડિયા વાળાઓએ એ ચર્ચા જરૂર કરવી જોઈએ કે વર્ષ ૧૫૨૬ થી મુઘલનું શાસન શરૂ થયું એ પહેલાં ભારતમાં ક્યાં અને કેટલા મંદિરો હતા??? વર્ષ ૧૫૨૬ પછી ક્યાં કેટલી મસ્જિદો નિર્માણ પામી?? આ તમામ મસ્જિદો જ્યાં બની ત્યાં પહેલા કોઈ મંદિર હતા?? આ ચર્ચા જરૂર થવી જોઈએ!! હાલમાં મસ્જિદ છે તે કેમ તોડી રહ્યા છે એ વાત લઈને બેઠેલાને ઈતિહાસ ખબર નથી!!

લગભગ ૬૦ વર્ષ સુધી ભારતમાં કોંગ્રેસ સત્તા ઉપર રહી તે હિન્દૂ-મુસ્લિમ માટે પ્રામાણિક રહી છે?? કે પછી મુસ્લિમો જોડે બેઠેલી છે ?? આ ચર્ચા પણ ભારતની જનતા સામે ખુલીને કરવી જોઈએ!! જે મુઘલ શાસકોએ હિન્દૂ મંદિરોની તોડફોડ કરી, હિન્દૂ મહિલાઓ ઉપર અત્યાચાર કર્યા અને જેમણે હિંદૂ સંસ્કૃતિ ઉપર પ્રહાર કર્યા તે શાસકોના નામ ઉપર જાહેર માર્ગો, બગીચાઓ, જાહેર સંસાધનો ઉપર કોંગ્રેસ શાસન દરમ્યાન નામકરણ કેમ કરવામાં આવ્યું?? જાહેરમાં આ ચર્ચા થવી જોઈએ...


ચર્ચા તો એ વિષય ઉપર ખૂબ ખુલીને થવી જોઈએ કે...'કોંગ્રેસ શાસનમાં હિન્દૂ મુસ્લિમ માટે અલગ અલગ સંવિધાન કે કાયદાઓ કેમ?' શા માટે એક રાષ્ટ્ર એક કાનૂન નહિ?? ચર્ચા કરો ભાઈ ખૂબ કરો અને એ પણ ખુલીને ચર્ચા ડીબેટમાં કરો કે મુસ્લિમ એમની બંદગી ફાવે ત્યારે માઈક ઉપર મોટે મોટેથી કરે તેની છૂટ પણ હિન્દુઓને માઈક ઉપર હનુમાન ચાલીસા ગાવા ઉપર પ્રતિબંધ કેમ?? ભાઈ....તમે મીડિયા વાળા કોંગ્રેસ તેમજ અન્ય પક્ષ જે પક્ષપાતી વલણ દાખવે છે એની પણ ચોખવટ કરો ભાઈ જનતા આ પણ ખુલાસો માંગે છે...

વારંવાર બિનસાંપ્રદાયિકતાનો ઢોલ પીટતા નેતાઓ જોડેથી એ પણ ખુલાસો કરવો જોઈએ કે અમરનાથ યાત્રા અને કૈલાસ માનસરોવર યાત્રા ઉપર વેરો અને હજયાત્રીઓ માટે તમારા રાજમાં સબસીડી કેમ અપાતી હતી, આ કેવી બિનસાંપ્રદાયિકતા?? આ ચર્ચા પણ ખુલીને થવી જ જોઈએ!! જનતા આવી તમામ ચર્ચાઓ સાંભળવા ઉત્સુક છે કારણકે 'જનતાને હવે તમારો સાચો ચહેરો ઓળખવો છે....' ચહેરા ઉપરનો નકાબ ઉતારીને ચર્ચા કરવા માટે બોલાવો, આ જવાબદારી મીડિયાની છે...

## કેરીનો ભાવ ૧ કીલોગ્રામનો રુ ૧૬૦, બજારમાં કેરીનો રસ રુ ૧૨૦માં વેચાય

### આતો ગજબ કહેવાય, જિલ્લામાં કેરી કરતાં કેરીનો રસ વધુ સસ્તો : ફૂડ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬



જિલ્લામાં મોંઘેરી કેસર કેરીનું આગમન થયું છે ત્યારે બજારમાં કેસર કેરી રુ ૧૦ થી ૧૮૦ના ભાવે ૧ કીલોગ્રામ વેચાઈ રહી છે. જેની સામે કેરીનો તૈયાર રસ રુ ૧૦૦ થી ૧૨૦માં વેચાય તો પ્રજાના પેટમાં ધીમું ઝેર પધરાવાતું હોવાની વિગતો સામે આવી છે. ઠેર ઠેર કેરીના રસનાં હાટડાં ખૂલ્યાં છે ત્યારે ફૂડ વિભાગ એકાએક કુંભકર્ણની નિંદ્રામાં આવી જતાં અટકળો તેજ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં અખાદ્ય ચીજવસ્તુઓનો વેપલો ફૂલ્યો ફાલ્યો છે અને હવે ઝડપથી કમાઈ લેવાની લ્હાયમાં કેસર કેરી સહિત અન્ય ફળો ઝડપથી પકવી દેવા માટે પેટીમાં કાર્બાઈડ જેવું ધીમા ઝેરની પડીકીઓ મૂક્યાની વિગતો પ્રકાશમાં આવી છે. જિલ્લામાં માંડે માંડે કેસર કેરીનું આગમન થયું પરંતુ ડેરી પાર્લરો તેમજ અન્ય તૈયાર રસના વિતરકો દ્વારા કેરી કરતાં પણ સસ્તા ભાવે તૈયાર રસનું વેચાણ ધમધોકાર શરુ કરતાં પ્રજા વિસ્મય પામી રહી છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા સહિતના વિસ્તારોમાં જે રીતે કેરીના તૈયાર રસનો વેપલો ધમધોકાર શરુ થયો છે તે જોતાં વિક્રમી કેરીના ઉત્પાદનની સંભાવના વ્યક્ત થઈ છે પરંતુ વાસ્તવમાં કેરીના પાકનો ઓછો ઉતારો છતાં વધુ માત્રામાં તૈયાર રસનું વેચાણ કેવી રીતે થઈ રહ્યું છે..?? તૈયાર કેરીના રસમાં એસેન્સ સહિત અનેક રાસાયણિક કેમિકલની મીલાવટ થઈ રહી છે. તૈયાર રસ આરોગ્યા પછી અનેક લોકોના ગળામાં ચાંદાં પડવાં, અવાજ બેસી જવા જેવી ફરિયાદોથી દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનું ફૂડ વિભાગ પોતાના હિતની પરવા કર્યા વગર લોકોના આરોગ્યની ચિંતા કરી ઠેર ઠેર કેરી કરતાં સસ્તા વેચાતા તૈયાર રસના સેમ્પલ લઈ તપાસ નહીં કરાવે તો અનેક લોકો બિમારીના ખપ્પરમાં આવી જાય તેવી દહેશત સેવાય છે.

### વહીવટી તંત્ર દબાણ હેઠળ કામ કરતું હોવાની છાપ

## સાબરકાંઠામાં અનાજ સગેવગે કૌભાંડમાં સંડોવાયેલા ૬૦ દુકાનદારો સામે ગોકળગાયની ગતિએ તપાસ

### ૫૫ દુકાનદારોની સુનાવણી પૂર્ણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

રાજ્ય વ્યાપી ગરીબોને અપાતું રાહત દરનું અનાજ બારોબાર સગેવગે કરવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી સાબરકાંઠાના ૬૦ દુકાનદારોની સંડોવણી જુલાઈ-૨૦૨૧માં સામે આવી હતી અને ત્યારબાદ ત્વરીત કાર્યવાહી કરવાના બદલે અત્યંત ધીમીગતિએ તપાસ ચાલી રહી છે. સાબરકાંઠામાં અનાજ કૌભાંડમાં સંડોવાયેલા ૬૦ દુકાનદારો પૈકી ૫૫ દુકાનદારો સામેની સુનાવણી પૂર્ણ થઈ છે પરંતુ હવે પગલાં કેટલા મહિના પછી ભરાશે..?? તેવા સવાલ થઈ રહ્યા છે. વહીવટી તંત્ર કોઈના દબાણ હેઠળ કામ કરતું હોવાની છાપ ઉપસી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કેટલાક સસ્તા અનાજના દુકાનદારોના અનાજ સગેવગે કરવાના કૌભાંડ જગજાહેર છે. ભૂતકાળમાં આટા મીલમાં સસ્તા અનાજનો જથ્થો ઠલવાતો હોવાની વિગતો પ્રકાશમાં આવ્યા પછી દેખાડા પૂરતી કાર્યવાહી કરી મામલા સમેટી લેવામાં આવે છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સસ્તા અનાજની દુકાનોમાં ફાળવવામાં આવતાં અનાજનો જથ્થો બોગસ યુઝર આઈ.ડી. દ્વારા ઓળવી લેવાનું મહાકભાંડ શોધી કાઢયા પછી રાજ્યના પુરવઠા વિભાગ ઉપર પસ્તાળ પડી હતી અને કોઈપણ ચમરબંદીને છોડવામાં નહીં આવે તેવી હાક પાડી હતી પરંતુ પ્રથમ દિવસથી જ તપાસ ધીમી ગતિએ ચાલી રહી છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, તલોદ અને પ્રાંતિજ તાલુકાના કુલ-૬૦ દુકાનદારોની સંડોવણી પછી મામલતદાર દ્વારા તપાસ શરુ કરવામાં આવી અને અધૂરા રિપોર્ટ આવતાં ૧૦૦ ટકા તપાસ માટે કલેક્ટર દ્વારા ફરીથી આદેશ આપવામાં આવ્યા હતા. તમામ તપાસ રિપોર્ટ સબમીટ થયા પછી એક પછી એક દુકાનદારોની સુનાવણી કરવામાં આવી છે જેમાંથી ૫૫ દુકાનદારોની સુનાવણી સમાપ્ત થઈ પરંતુ હવે કસૂરવાર દુકાનદારો સામે તંત્ર કેવાં પગલાં ભરે છે કે પછી ચૂંટણી ટેકવી દેશે..?? તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે. અનાજ કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી જિલ્લામાં બે પુરવઠા અધિકારીઓ બદલાયા છતાં તપાસ ઠેરની ઠેર હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.